# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઈ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા : ૭/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા GIDCના વીસી એન્ડ એમડી, ઉદ્યોગ કમિશનર અને MSME કમિશનર સાથે ઓપન હાઉસ યોજાયું

## દક્ષિણ ગુજરાતમાં મેગા ટેકસટાઇલ પાર્ક સ્થાપી શકાય એવી જગ્યા આઇડેન્ટીફાય કરવા માટે ઉચ્ચ અધિકારીઓએ ચેમ્બરને સૂચન કર્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૭ જુલાઇ ૨૦૨૧ના રોજ સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે ગુજરાત સરકાર જીઆઇડીસીના વાઇસ ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેકટર એમ. થેન્નારાસન (IAS), ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તા (IAS) અને એમ.એસ.એમ.ઇ. કમિશનર રણજીથ કુમાર (IAS) સાથે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના વિવિધ જીઆઇડીસીના પ્રશ્નોની ચેમ્બર દ્વારા અગાઉ પણ રજૂઆત કરવામાં આવી હતી અને તેમાંથી મોટા ભાગના પ્રશ્નોનું ગુજરાત સરકાર અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું છે. કેટલાક બાકી રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે પણ તેમણે અધિકારીઓને અનુરોધ કર્યો હતો. એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગ નીતિનો લાભ કાપડ ઉદ્યોગને મળી રહે તે માટે તેમણે ત્રણેય ઉચ્ચ અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ સંદર્ભે ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ મામલે સંબંધિત અધિકારીઓની મંજૂરી લેવાઇ ગઇ છે. અંતિમ નિર્ણય માટે નાયબ મુખ્યમંત્રી પાસે સમગ્ર બાબતને મોકલી આપવામાં આવી છે.

ઇન્સેન્ટીવ ટુ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ માટેની સ્કીમ અંતર્ગત રૂપિયા ૫૦ કરોડથી ૨૦૦ કરોડ સુધીનું રોકાણ કરનારા એકમોને નહીવત જેવું ઇન્સેન્ટીવ મળે છે. આથી આ અંગે પોલિસીમાં બદલાવ કરવા માટે તેમણે અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ સંદર્ભે પણ ડો. રાહુલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ નીતિમાં ફેરફાર થશે નહી પણ એક – દોઢ મહિનામાં નવી નીતિ આવી રહી છે તેમાં ઉદ્યોગકારોના ઘણા બધા પ્રશ્નોનું નિરાકરણ આવી જશે.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેક્ટ આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં સાત જેટલા મેગા ટેકસટાઇલ પાર્ક ઉભા કરવામાં આવનાર છે, જેમાંથી એક મેગા ટેકસટાઇલ પાર્ક સુરતને મળી રહે તે માટે ઉદ્યોગ કમિશનર સહિતના અધિકારીઓ તરફથી પણ સહયોગ મળે અને ઉચ્ચ કક્ષાએ આ અંગે તેમના થકી પણ વાત મુકવામાં આવે. આ અંગે એમ. થેન્નારાસને ચેમ્બરને સુરત જિલ્લામાં મેગા ટેકસટાઇલ પાર્ક સ્થાપી શકાય એવી જગ્યા આઇડેન્ટીફાય કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારની નવી સોલાર પોલિસીમાં ઉમેરવામાં આવેલા એનર્જી બેન્કીગ ચાર્જીસ તથા ઓપન એકસેસ ચાર્જીસમાં ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેને પરત ખેંચવા માટે રજૂઆત કરી હતી. આ મામલે ત્રણેય અધિકારીઓએ પોઝીટીવ રિસ્પોન્સ આપ્યો હતો. એમ. થેન્નારાસને એમએસએમઇ, લાર્જ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ અને ટેકસટાઇલને સોલાર પાવરના લાભ મળી શકે તેવી નોટ બનાવીને મોકલી આપવા માટે ચેમ્બરને સૂચન કર્યુ હતું. આ મુદ્દે તેમના દ્વારા એનર્જી એન્ડ પેટ્રો કેમિકલ વિભાગને માહિતગાર કરી તેના નિરાકરણ માટે પ્રયાસ કરાશે તેમ જણાવવામાં આવ્યું હતું.

તેમણે સીઇટીપી સંદર્ભે પડતર બાકી સબસિડી અંગે પણ રજૂઆત કરી હતી. આ અંગે ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ સંદર્ભે નાણાં વિભાગને કેટલીક કવેરી છે. આ કવેરી અંગે જે તે સીઇટીપી સ્થાપનારા એકમો દ્વારા જવાબ મોકલવા પડશે. ત્યારબાદ નાણાં વિભાગ બાકી રહેલી સબસિડી રિલીઝ કરશે. તેઓ નાણાં વિભાગ સાથે સંકલન સાધીને વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પ્રયાસ કરશે.

સુરત જિલ્લાની જીઆઇડીસીમાં એલોટમેન્ટ પ્રાઇસિસમાં ધરખમ વધારો થયો છે તેને પરત લેવા માટે અધિકારીઓને તેમણે અનુરોધ કર્યો હતો. આ અંગે એમ. થેન્નારાસને જણાવ્યું હતું કે, આ અંગે અભ્યાસ કરી સમસ્યાનું સમાધાન લાવવા માટે પ્રયાસ કરવામાં આવશે. સંપૂર્ણ ભાવવધારો પરત નહી ખેંચાશે પણ આંશિક રાહત આપવા માટે પ્રયાસ કરવામાં આવશે.

વિવિંગ ઉદ્યોગના ડેવલપમેન્ટ માટે સરકાર દ્વારા કલસ્ટરની ફાળવણી કરવામાં આવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો. સરકાર સીઇટીપી ડેવલપરને કેપીટલ સબસિડી આપે છે તેમ છતાં ડેવલપર દ્વારા મેમ્બરશિપ ફી ઉઘરાવવામાં આવે છે અને દરેક મેમ્બર દીઠ યુટીલાઇઝેશન ફી પણ દર મહિને લેવામાં આવે છે. જેથી કરીને યુટીલાઇઝેશન ફીમાં ત્રણ વર્ષ માટે રાહત મળી રહે તેવી નીતિ બનાવવા માટે તેમણે રજૂઆત કરી હતી. આ અંગે ડો. રાહુલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, સબસિડીની સ્કીમ કન્ડીશનમાં સુધારો કરી શકાય છે કે કેમ? તે તપાસીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

સુરતમાં આવેલા સીઇટીપીની બેલેન્સ કેપેસિટી વિશે જીપીસીબીને માહિતી આપવા માટે ચેમ્બર દ્વારા રજૂઆત કરાઇ હતી પરંતુ જીપીસીબી તરફથી રિસ્પોન્સ મળ્યો ન હોવાની રજૂઆત તેમણે કરી હતી. આ સંદર્ભે એમ.

થેન્નારાસને સ્થાનિક જીપીસીબી અધિકારી પરાગ દવેને સંબંધિત માહિતી તાત્કાલિક ચેમ્બરને મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે સૂચના આપી હતી.

જીઆઇડીસીમાં ઔદ્યોગિક એકમો ત્રણ મહિના બંધ હોય તેમ છતાં આખા વર્ષનો નોન યુઝ ચાર્જ લગાવવામાં આવે છે. આ સંદર્ભે એમ. થેન્નારાસને નોન યુટીલાઇઝેશન ફી વિશે કેસ સ્પેસિફિક ન્યાયિક રીતે નિર્ણય લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ઓટો મોબાઇલ સેલ્સ એન્ડ સર્વિસને કેન્દ્ર સરકારની નેશનલ કલાસિફિકેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝની ગાઇડલાઇન મુજબ એમએસએમઇ એકટીવિટી તરીકે ગણવામાં આવે છે. વર્ષો પહેલા ઔદ્યોગિક એકમ તરીકે જ તેઓને જીઆઇડીસીમાં પ્લોટ એલોટમેન્ટ થયું હતું, પરંતુ ગુજરાતમાં જીઆઇડીસી દ્વારા તેઓના કેટલાક એકમોને વ્યવસાયિક એકમ માનીને નોટિસ આપવામાં આવી રહી છે. આથી ઓટો મોબાઇલ સેલ્સ એન્ડ સર્વિસને જીઆઇડીસી દ્વારા પણ એમએસએમઇ એકટીવિટી માનવામાં આવે તેવી રજૂઆત કરાઇ હતી.

ઓપન હાઉસમાં સચિન, પાંડેસરા, કતારગામ, મિયાગામ અને સાયણ જીઆઇડીસીના હોદ્દેદારો તેમજ પ્રતિનિધીઓ હાજર રહયા હતા અને તેઓએ પોતપોતાની જીઆઇડીસી સંબંધિત વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. જીઆઇડીસીમાં પાયાની માળખાગત સુવિધા, પ્લોટ ટ્રાન્સફર, અનયુટીલાઇઝ પેનલ્ટી, સર્વિસ ચાર્જ, સબડિવીઝન પોલિસી, ટ્રાન્સફર ફી અને જીઆઇડીસીમાં બાગબગીચા વિકસાવવા માટે કોમન પ્લોટની ફાળવણી વિગેરે મામલે રજૂઆતો કરવામાં આવી હતી.

ત્રણેય અધિકારીઓએ મોટા ભાગના પ્રશ્નોના નિરાકરણ માટે મિટીંગમાં જ સંબંધિત અધિકારીઓને સૂચના આપી દીધી હતી અને અન્ય પોલિસી સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયાસ કરવાનું આશ્વાસન આપ્યું હતું.